# સખી દેખ્યું કૌતુક આજ

[આ ભક્તિ વિ.સં. ૨૦૨૫ (ઈ.સ. ૧૯૬૯)માં બહેનશ્રીની જન્મ-જયંતી પ્રસંગે પંડિત શ્રી હિંમતભાઈએ બનાવેલ હતી.]

[રાગ :—આવો આવો સીમંધરનાથ]

સખી! દેખ્યું કૌતુક આજ માતા 'તેજ' ઘરે;
એક આવ્યા વિદેહી મહેમાન, નીરખી નૈન ઠરે.
વિદેહી વિભૂતિ મહાન ભરતે પાય ધરે;
મા 'તેજ' તણે દરબાર 'ચંપા' પુષ્પ ખીલે....સખી૦

શી બાળલીલા નિર્દોષ, સૌનાં ચિત્ત હરે;
શા મીઠા કુંવરીબોલ, મુખથી ફૂલ ઝરે.
શી મુદ્રા ચંદ્રની ધાર, અમૃત-નિર્ઝરણી;
ઉર સૌમ્ય સરલ સુવિશાળ, નેનન ભયહરણી....સખી૦

કરી બાળવયે બહુ જોર, આતમધ્યાન ધર્યું;
સાંધી આરાધનદોર, સમ્યક્ તત્ત્વ લહ્યું.
મીઠી મીઠી વિદેહની વાત તારે ઉર ભરી;
અમ આત્મ ઉજાળનહાર, ધર્મપ્રકાશકરી....સખી૦

સીમંધર—ગણધર—સંતનાં, તમે સત્સંગી;
અમ પામર તારણ કાજ પધાર્યાં કરુણાંગી.
તુજ જ્ઞાન-ધ્યાનનો રંગ અમ આદર્શ રહો;
હો શિવપદ તક તુજ સંગ, માતા! હાથ ગ્રહો....સખી૦